# મિયાંદાદે અંતે ભારત પ્રવાસ રદ કર્યો

નવી દિલ્હી, તા.૪

પાકિસ્તાનના ક્રિકેટર જાવેદ મિયાંદાદે ભારે વિવાદ થયા બાદ આખરે ભારતનો પ્રવાસ રદ કરી દીધો છે. વિઝા મળ્યા પછી મિયાંદાદે કાર્યક્રમ રદ કરતા છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલા સસ્પેન્સનો પણ અંત આવી ગયો છે. હાલમાં મિયાંદાદની ભારત યાત્રાનો જોરદાર વિરોધ થઈ રહ્યો હતો. સત્તાવાળાઓ દ્વારા વિઝા મળતા આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને મુંબઈના સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં મુખ્ય ભૂમિકા ભજવનાર અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ સાથે જાવેદ મિયાંદાદના પારિવારીક સંબંધો છે.

બુધવારના રોજ જાવેદ મિયાંદાદને ભારત સરકારે વીઝા આપ્યા હતા. જેમાં ગઈકાલે મુખ્ય વિપક્ષ ભાજપ સહિતના વિરોધપક્ષોએ વિરોધ કર્યો હતો. જેથી ભારત સરકાર પાસે બે જ વિકલ્પ રહ્યા હતા. કાં તો મિયાંદાદના વીઝા



રદ કરે અથવા મિયાંદાદ પોતેજ પ્રવાસ રદ કરે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, જાવેદ મિયાંદાદ ૫મી જાન્યુઆરીએ રમાનારી ભારત-પાકિસ્તાન વચ્ચેની અંતિમ મેચ જોવા ભારત નહીં આવે.પાકિસ્તાની મીડિયા અનુસાર મિયાંદાદ જ જાતે પ્રવાસ રદ કરી દેશે. મિયાંદાદના ભારત આવવાથી હોબાળો થવાની પણ પૂરી શક્યતા હતી. સૂત્રોંના જણાવ્યા મુજબ મિયાંદાદ પર કોઈપણ કેસ નથી. તેમના પર સીધો કોઈ આરોપ નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ઈચ્છુક હતું કે, ભારત પણ પાકિસ્તાનમાં આવીને ક્રિકેટ શ્રેણી રમે અને તેથી જ બંને દેશોના ક્રિકેટબોર્ડ ઈચ્છતું હતું કે આ મુદ્દે કોઈ વિવાદ ન થાય. ભારતમાં વિવાદ થતો હોવાને પગલે જ મિયાંદાદે પ્રવાસ રદ કરી દીધો છે. જયારે પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો હતો કે મિયાંદાદને અચાનક જ કોઈ કામ આવી ગયું હોવાથી તે મેચ જોવા ભારત જઈ રહ્યો નથી.

## સોનિયા ગાંધીએ આશરે ૫૦ વખત વાયુ સેનાના વિમાનોમાં અને હેલિકોપ્ટરોમાં મુસાફરી કરી

નવી દિલ્હી, તા.૪

યુપીએના ચેરમેન અને કોંગ્રેસ અને રાષ્ટ્રીય સલાહકાર પરિષદના અધ્યક્ષ સોનિયા ગાંધીએ છેલ્લા સાત વર્ષના ગાળામાં આશરે ૫૦ વખત વાયુ સેનાના વિમાનોમાં અને હેલિકોપ્ટરોમાં મુસાફરી કરી છે. આમાથી સૌથી વધારે ૨૩ વખત સોનિયા ગાંધી, વડાપ્રધાન મનમોહનસિંહની સાથે રહ્યા હતા.

માહિતી અધિકાર હેઠળ મેળવવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૦૬-૦૭થી સપ્ટેમ્બર ૨૦૧૨ વચ્ચેના



ગાળામાં સોનિયા ગાંધીએ ૪૯ વખત હવાઈદળના વિમાનો અને હેલિકોપ્ટરો મારફતે યાત્રા કરી હતી જ્યારે રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૦૮-૦૯થી સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી આઠ વગર હવાઈદળના વિમાન અને હિલોકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પોતાના નામથી હવાઈદળના વિમાન અથવા હેલિકોપ્ટરોનો રિઝર્વરીતે ઉપયોગ કરવા લાયકાત ધરાવતા નથી આવી સ્થિતિમાં તેમને આવી યોગ્યતા ધરાવનાર લોકો સાથે મુસાફરી કરવી પડે છે. હવાઈદળના જણાવ્યા મુજબ નિયમો હેઠળ હવાઈદળના વિમાનોનો ઉપયોગ કરવા માટે વ્યક્તિને પોતાની યાત્રના હેતુ સ્પષ્ટપણે રાખવા જોઈએ. અથવા લાયકાત ધરાવતી વ્યક્તિને સાથે રાખવી જોઈએ. કેન્દ્ર સરકારના અન્ય પ્રધાન પણ વડાપ્રધાન પાસેથી મંજુરી મેળવીને હવાઈદળના વિમાનોનો ઉપયોગ કરી શકે છે. સરકારી કામગીરી મુજબ કોઈ વ્યક્તિને પોતાની સાથે લઈને જઈ શકે છે. વડાપ્રધાન બાદ સોનિયા ગાંધીની સાથે સૌથી વધારે યાત્રાની તક સંરક્ષણ મંત્રી એકે એન્ટોની અને ભૂતપૂર્વ નાણાં પ્રધાન પ્રણવ મુખર્જીને મળી હતી. બંનેની સાથે સોનિયા ગાંધીએ ૭-૭ વખત હવાઈદળના વિમાન અને હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો. હિસાર સ્થિત આરટીઆઈના કાર્યકર રમેશવર્માએ આ તમામ માહિતી એકત્રિત કરી છે.

### પાટનગર દિલ્હીમાં પાંચ વર્ષની સૌથી વધુ ઠંડી નોંધાઈ

## સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના કારણે જનજીવન ખોરવાયુ

નવી દિલ્હી, તા.૪

સમગ્ર ઉત્તર ભારત આજે સતત બીજા દિવસે પણ કાતિલ ઠંડીના સકંજામાં રહ્યુ હતુ. તીવ્ર ઠંડીથી લોકોને કોઈ પણ પ્રકારની રાહત મળી રહી નથી. શ્રેણીબદ્ધફ લાઈટો રદ કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ છે. લોકો પોતાના નિર્ધારિત સ્થળે સમયસર પહોંચી શક્યા નથી. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં અકબંધ રહ્યુ છે. પારો માઈનસમાં પહોંચી જતા ચારે બાજુ બરફ જામી ગયો છે. ખાસ કરીને રાત્રી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો છે. કાતિલ ઠંડીના પરિણામ સ્વરૂપે જનજીવન ધુમ્મસની સ્થિતિના લીધે ખોરવાઈ ગયુ છે. લો વિઝિબિલિટીની સ્થિતિના કારણે લોકોને તેમના ઘરની અંદર રહેવાની ફરજ પડી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ લઘુતમ તાપમાન આજે ઘટીને ૨.૭ ડિગ્રી થઈ ગયુ હતુ. દિલ્હીમાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. પારો ૨.૭ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો જે સામાન્ય કરતા ચાર ડિગ્રી ઓછો છે. વહેલી સવારે ધુમ્મસના લીધે માર્ગ, રેલ, વિમાની સેવાને અસર થઈ હતી. ૫૦ ફલાઈટોના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો



હતો. દિલ્હી સરકારે ૧૨ જાન્યુઆરી સુધી સ્કૂલો બંધ રાખવાનો આદેશ કરી દીધો છે. દિલ્હી ઉપરાંત પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં પણ લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં કોલ્ડ વેવથી વધુ લોકોના મોત થયા છે. જમ્મુમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.


પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ કાશ્મીરના ખીણ વિસ્તારમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્યથી પણ નીચે પહોંચી ગયુ છે. લડાખના સિમાંત ક્ષેત્ર ગણાતા કારગીલમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં તાપમાન માઈનસ ૧૪.૮ ડિગ્રી યથાવત રહ્યુ છે. જ્યારે નજીકના લેહમાં માઈનસ ૧૬.૨ ડિગ્રીની આસપાસ તાપમાન રહ્યુ છે. આવીજ રીતે ઉત્તર કાશ્મીરમાં પ્રવાસી સ્થળ ગુલમર્ગમાં માઈનસ ૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં તાપમાન માઈનસ ૭.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ આ તમામ ક્ષેત્રોમાં ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં કોઈ વધારે ઘટાડો કે વધારો થયો નથી. બીજીબાજુ શ્રીનગરમાં બીજી વખત લઘુતમ તપમાન માઈનસ ચાર ડિગ્રી નોંધાયુ હતુ. સમગ્ર ઉત્તર ભારત તીવ્ર ઠંડીના સકંજામાં છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, બિહારના જુદા જુદા વિસ્તારોમાં પણ તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી વચ્ચે નોંધાયુ છે. ઠંડીથી બચવા માટે સંબંધિત સરકારો દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. ગરીબ લોકોને લાકડાની વ્યવસ્થા પણ કરી આપવામાં આવી છે. નાણાંકીય મદદ પણ સહાયતા રૂપે જાહેર કરાઈ છે. રાજસ્થાનમાં સ્કૂલોમાં વધુ આદેશ જારી ન કરાય ત્યા સુધી રજા જાહેર કરવામાં આવી છે. વહેલી સવારે ધુમ્મસના લીધે અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થયો હોવાનું જાણવા મળ્યુ છે. સાવચેતીના પગલારૂપે રેલવે દ્વારા જાન્યુઆરી મહિનામાં પહેલાથી જ ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

### સંઘના વડા ભાગવતના નિવેદનથી ભારે વિવાદ છેડાયો

## બળાત્કારની ઘટનાઓ ભારતમાં ઓછી, ઇન્ડિયામાં વધારે બને છે

સિલ્ચર, તા.૪

આરએસએસના વડા મોહનરાવ ભાગવતે બળાત્કારની ઘટનાઓના મામલે એક વિવાદાસ્પદ નિવેદન કરીને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. મોહન ભાગવતે વર્તમાન સરકારને પરોક્ષરીતે ટાર્ગેટ બનાવીને કહ્યુ છે કે બળાત્કારની વધતી જતી ઘટનાઓ ભારતની અપેક્ષા ઈન્ડિયામાં વધારે થઈ રહી છે. તેમના કહેવાનો મતલબ એ છે કે ગામોની સરખામણીમાં શહેરોમાં વધારે ઘટનાઓ બની રહી છે. ભારત કહેવાનો મતલબ ગામોથી અને ઈન્ડિયા કહેવાનો મતલબ શહેરોથી છે. આસામના સિલ્ચરમાં આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યુ હતુ કે બળાત્કારના બનાવો માત્ર ઈન્ડિયામાં બની રહ્યા છે. ભારતમાં આવા ગુનાઓ થયા નથી. ભાગવતના જણાવ્યા મુજબ શહેરોમાં બળાત્કારની ઘટનાઓ વધારે થઈ રહી છે. ગ્રામિણ વિસ્તારોમાં બળાત્કારના બનાવો ઓછા બની રહ્યા છે. ભાગવતે આના માટેના કારણો આપતા જણાવ્યું છે કે શહેરોમાં પશ્ચિમી સભ્યતાની અસર વધારે જોવા મળી રહી છે. અલબત્ત ભાગવતે પોતાનાઆ દાવાના સમર્થનમાં કોઈ પુરાવા રજુ કર્યા નથી. માત્ર એનજીઓ જ નહીં બલકે પોલીસના રેકોર્ડ જ દર્શાવે છે કે બળાત્કારના મામલા મોટાભાગે નોંધવામાં પણ આવતા નથી પરંતુ ભાગવતનું કહેવું છે કે ગ્રામિણ વિસ્તારોમાં અને વન્ય વિસ્તારોમાં આ પ્રકારના બનાવો ઓછા બને છે. ભાગવતે દિલ્હી ગેંગ રેપના અપરાધીઓને ફાંસીની સજા કરવાની



પણ માંગણી કરી હતી. એકબાજુ ભાગવતના આ નિવેદનની ભાજપ સિવાયના પક્ષોએ ટિકા કરી છે બીજી બાજુ રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષ મમતા શર્માએ કહ્યુ છે કે ભાગવતને આ નિવેદન કરતા પહેલા ગ્રામિણ વિસ્તારોમાં જઈને ત્યાંની સ્થિતિ નિહાળવાની જરૂર હતી. દિલ્હીમાં ગેંગરેપની ઘટના બન્યા બાદ સમગ્ર દેશમાં આને લઈને ભારે નારાજગી દેખાઈ રહી છે. કેટલાક નેતાઓના નિવેદનથી બળાત્કારના મામલાઓમાં વધુ રાજકીય ગરમી આવી ગઈ છે.

## બળાત્કારના મામલાઓમાં કાયદામાં સુધારા કરી આમા મૃત્યુદંડની સજાને જોડવામાં આવે તે જરૂરી : તીરથ

નવી દિલ્હી, તા.૪

મહિલા અને બાળવિકાસ પ્રધાન કૃષ્ણા તીરથે આજે કહ્યુ હતુ કે બળાત્કારના મામલાઓમાં કાયદામાં સુધારા કરી આમા મૃત્યુદંડની સજાને જોડવામાં આવે તે જરૂરી છે. કારણ કે આ પ્રકારની ઘટનાઓનો ભોગ બનેલી મહિલાઓ સામાન્યરીતે જીવન જીવવાની સ્થિતિમાં રહેતી નથી. કૃષ્ણા તીરથે દિલ્હી સામૂહિક બળાત્કારના અનુસંધાનામાં આયોજિત મુખ્ય સચિવો અને પોલીસ મહા અધિવેશનમાં આ મુજબની વાત કરી



હતી. તેમણે કહ્યુ હતુ કે બળાત્કારની સજાના સંબધમાં મિશ્ર પ્રતિક્રિયા આવી રહી છે. જેમાં અપરાધીઓને રાસાયણીક પ્રક્રિયા મારફતે નપુંસક બનાવી દેવાથી લઈને મૃત્યુદંડની સજા સુધીના સૂચનો આવી રહ્યા છે. તીરથે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે જો મોતની સજા કાયદામાં સામેલ થઈ જાય છે તો આવા મામલાઓમાં ઘટાડો થઈ શકે છે. તીરથે કહ્યુ હતુ કે ગૃહમંત્રાલય પાસેથી મહિલાઓ સાથે થતી ઘટનાઓ માટે કઠોર કાયદા બનાવવા અપીલ કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે રાસાયણીક પ્રક્રિયા મારફતે નપુંસક બનાવી દેવાની ભલામણ યોગ્ય દેખાતી નથી. તેમણે કહ્યુ હતુ કે ભારતીય દંડ સંહિતાની અથવા તો ઈન્ડિયન પિનલ કોડની કલમ ૩૫૪ હેઠળ આવા અપરાધને બિનજામીન પાત્ર બનાવવા જોઈએ. તીરથે એમ પણ કહ્યુ હતુ કે છેડછાડ અને અન્યરીતે હેરાન કરવાની ઘટનાઓને સામાન્ય વ્યવહાર તરીકે જોવી જોઈએ નહીં. આવી ઘટનાઓને લઈને કઠોર કાર્યવાહી થવી જોઈએ. દરમિયાન એવા સમાચાર પણ મળી રહ્યા છે કે દિલ્હી ગેંગ રેપ કેસમાં બંધ બારણે સુનાવણીની માંગ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ગઈકાલે પોલીસે સમગ્ર મામલામાં ચાર્જશીટ દાખલ કરી હતી. દરમિયાન ત્રણ સપ્તાહ પહેલા ૨૩ વર્ષિય યુવતી સાથે સામૂહિક બળાત્કારના મામલે દિલ્હી પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યા બાદ આ મામલાને લઈને ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

અપરાધીઓને વહેલીતકે સજા કરવાની માંગણી દિનપ્રતિદિન તીવ્ર બની ગઈ છે. અત્રે ઉલ્લખનીય છે કે દિલ્હી ગેંગ રેપ કેસની સુનાવણી આવતીકાલે પાંચમી જાન્યુઆરીથી સાકેત કોર્ટમાં થનાર છે. દિલ્હી પોલીસ આ કેસની સુનાવણી બંધ બારણે યોજવાની રજુઆત કરી ચુકી છે. આ ઉપરાંત કઠોર સજા કરવાની જોગવાઈ પણ કરી ચુકી છે. બીજીબાજુ નાની વયના રહેલા અન્ય એક શખ્સ સામે પણ આરોપો ટૂંકમાં જ રજુ કરવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે દિલ્હી પોલીસ યોગ્ય રીતે સમગ્ર મામલાને ઉઠાવશે નહીં તો દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવશે. આવતીકાલથી સાકેત કોર્ટની આસપાસ પહેલાથી જ સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ચાર્જશીટમાં આવતીકાલથી ધ્યાન આપવામાં આવશે.

## ભારત ૨૦૧૨માં સાઈબર હુમલાઓના સંકંજામાં રહ્યું

મુંબઈ, તા. ૪

ભારત સાઈબર હુમલાઓના સંકંજામાં આવી ગયું છે. વર્ષ ૨૦૧૨માં સાઈબર હુમલાઓ વધુ પ્રમાણમાં થયા છે. મોબાઈલ સ્પેસમાં વાઈરસ એટેકમાં ૩૦ ટકાનો ઉલ્લેખનીય વધારો વર્ષ ૨૦૧૨માં નોધાયો છે. તેના મોડીફીકેશનમાં ૮૦ ટકાનો વધારો થયો છે. વાઈરસને રોકવા માટે પણ નવી ટેકનોલોજી આવી હોવા છતાં સાઈબર હુમલાઓના સંકંજામાં ભારત સંકળાયેલું રહ્યું છે. મોબાઈલ સાધનો ઉપર મોડીફીકેશન અને મેલવેરના ગ્રોથની સ્થિતિ વચ્ચે આવી સ્થિતિ રહી છે. ક્વીક હિલ ટેકનોલોજી દ્વારા જારી કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતમાં એન્ટીવાઈરસ સેગમેન્ટમાં અગ્રણી કંપની ક્વીક હિલ ટેકનોલોજીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ક્વીક હિલ વિન્ડો અને મોબાઈલ મેઇલ વેર રિપોર્ટમાં ઘણી ચોંકાવનારી બાબત સપાટી ઉપર આવી છે. તારણો મુજબ ગૂગલ એન્ડ્રોઈડ પ્લેયફોર્મ ઉપર મેઈલ વેલ એટેકની સંખ્યામાં વધારો થયો છે. મોબાઈલ એપ્લીકેશન સાધનને પણ અસર થઈ ગઈ છે. અહેવાલ મુજબ સોશિયલ એન્જીનીયરીંગમાં પણ ચર્ચા જારી છે.

સાઈબર અપરાધીઓ જુદી જુદી રીતે પ્લેટફોર્મ ઉપર ત્રાટકે છે. ભારત સાઈબર હુમલાના સંકંજામાં રહ્યું છે. વિન્ડો મેઇલ વેરમાં ૯૦ ટકાનો વધારો થયો છે. જ્યારે માઈન્ડ બ્લોગીંગમાં મોડીફિકેશનમાં ૧૭૦ ટકાનો વધારો થયો છે. મોબાઈલ પ્લેટફોર્મ ઉપર નવી હિલચાલ પણ શરૂ થઈ છે. મોબાઈલ સ્પેસમાં વાઈરસના હુમલાઓ ૩૦ ટકાના વધારા સાથે વધ્યા છે. સીટીઓ અને ટેકનીકલ ડિરેક્ટર (ક્વીક હિલ ટેકનોલોજી)નું કહેવું છે કે વિન્ડો હજુ પણ સૌથી વધુ હુમલા થતાં ઓપરેટીંગ સિસ્ટમ છે. વાઈરસના હુમલાઓ અને સાઈબર ક્રાઈમને રોકવા માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ વધારી દેવામાં આવે તે અતિ જરૂરી છે. વેબ હજુ પણ ભોગ બનેલા લોકોને ટાર્ગેટ બનાવવાનો પરંપરાગત માર્ગ છે.

## ૫૦૦૦૦માં રેપ કેસમાં સમાધાન કરવાનો આદેશ

લખનૌ, તા.૪

૫૦૦૦૦ રૂપિયામાં બળાત્કારના કેસમાં સમાધાન કરી લેવા ઉત્તર પ્રદેશની પંચાયતે ભોગ બનેલી કિશોરીને સૂચના આપતા ભારે વિવાદ ઉભો થયો છે. પંચાયતના ચૂકાદા સામે પણ પ્રશ્નો ઉભા થયા છે. અપહરણ કરીને કિશોરીને નાગપુર લઈ જવામાં આવી હતી અને ઘણા દિવસ સુધી બાનમાં રાખીને તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશમાં પંચાયત દ્વારા આ કિશોરીને કેસ ઉકેલી લેવા સૂચના આપી છે. કિશોરીએ સકંજામાંથી છટકીને આવ્યા બાદ પંચાયતમાં રજુઆત કરી હતી. ગામમાંથી એક યુવાનના હાથે તે કઈ રીતે શિકાર થઈ તેની માહિતી પંચાયત સમક્ષ આપી હતી. લખનૌથી આશરે ૧૭૦ કિલોમીટરના અંતરે સ્થિતિ પ્રતાપગઢમાં મૌલી ગામમાં પંચાયતે આ ચુકાદો આપ્યો હતો. પોલીસ અધિકારીઓએ આજે કહ્યુ હતુ કે તેઓ આ મામલામાં વધુ માહિતી આપવાની સ્થિતિમાં નથી. આ બનાવથી મોહન ભાગવતની ટિપ્પણી પણ જુદી પડે છે.

## સમાચાર ઝલક

- અમેરિકી વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટનને હોસ્પિટલમાંથી રજા આપી.
- ઐશ્વર્યા બોલીવુડમાં આવવા માટે સજ્જન, યોગા અને અન્ય ટ્રેનિંગ શરૂ કરી.
- ૨૦૧૩-૧૪ના વર્ષનું ગુજરાતની વાર્ષિક યોજના રૂા. ૫૩૨૫૦ કરોડ રહે તેવી શક્યતા.
- કડીથી રણુજ વચ્ચેના રેલ્વે સ્ટેશનો બંદ કરવાની હિલચાલ. ભોયણી, દેઉસણા, રાંતેજ, બહુચરાજી, ખાંભેલ બંધ થશે.
- અમરેલી જિલ્લા બેંકનાં ઉપપ્રમુખના યુવાન પુત્રએ લમણે ગોળી મારીને આત્મહત્યા કરી. લેઉવા પટેલ સમાજમાં ઘેરો શોક.
- ભાવ વધવાં છતા સોનાની ખરીદીથી સરકાર વિસામણમાં.
- રાજય કક્ષાનો પ્રજાસત્તાક મહોત્સવ ડાંગ જિલ્લામાં ઉજવાશે.
- અજમેરમાં પોલીસ વડાને ત્યાં જ લાંચરૂશ્વત ખાતું ત્રાટક્યું.
- કુંભમેળાની ભવ્યાતિભવ્ય તૈયારી, ૧૦ કરોડ યાત્રાળુઓ ભાગ લેશે.
- ઉત્તરપ્રદેશમાં જગદીશાનંદ મહારાજ નામથી પ્રખ્યાત છે તે ભૂતકાળમાં ચંબલનો રીઢો ડાકુ હતા. કર્મયોગનું જ્ઞાન આપે છે.
- ઇમીટેશન જ્વેલરી ભારતનું ૩૦% ઉત્પાદન ગુજરાતમાં, પરંતુ વેટથી ધંધાને અસર.
- આસામમાં બળાત્કારી કોંગ્રેસી નેતાને ગ્રામીણ મહિલાઓએ જાહેરમાં ઢીબી નાખ્યો.
- સિરીયાના દમિશ્કમાં પેટ્રોલપંપ ઉપર હવાઇ હુમલામાં ૩૦ વ્યક્તિઓનાં મોત. લોકો જીવતા સળગી ગયાં.
- સરકારી રજાઓને રવિવાર નડશે, ૨૫% રજા રવિવારને લીધે કપાઇ જશે, મે, જૂન, જુલાઇ, ફેબ્રુઆરી ૪ માસમાં સરકારી રજાનો દુષ્કાળ.
- વીજગ્રાહકોને લાગશે ઝાટકો, ભાવવધારાના એંધાણ.
- છેલ્લા ત્રણ વર્ષમાં ૨૧૯થી વધારે જૈન સાધુ-સાધ્વીજીના અકસ્માતમાં મોત.
- આજે ૫મી જાન્યુઆરીએ દિપીકા પાદુકોણ જન્મદિવસ ઉજવશે.

### દૂઝતા ઉઝરડા (પાના નં. ૨ નું ચાલુ)

એ પ્રસંગ ચંદ્રકાન્ત પટેલને જ્યારે જયારે પણ યાદ આવે છે ત્યારે એમનો આત્મા કંપી ઉઠે છે.

'બૂમ પાડીશ હોં! છોડો, કહું છું- ' એણે ઝાટકો મારીને હાથ છોડાવી દીધો હતો. મારે નથી જોઈતી તમારી ટિકિટ. મેં તમને આવા નહોતો ધાર્યા! એ પોશ પોશ આંસુ ખેરવતી બંગલાના દરવાજા ભણી દોડી ગઈ હતી. બાજી હાથમાંથી સરી રહી છે એમ લાગતાં ચંદ્રકાંત પટેલ એની સામે કરગરી પડ્યા હતા. સૉરી સુજાતા.. મારે આવું નહોતું કરવું જોઈતું. મને એમ કે તું કદાચ'- એ થોથવાઈ ગયા હતા.

'ટિકિટ લેવા જાત વેચે એ બીજાં અહીંથી સીધી જ પોલીસ સ્ટેશને જઉં છું- ભલેને મારી ઈજ્જતના લીરા ઊડે, પણ તમને તો...' મારે તમારા જેવા વરુઓને ખુલ્લા પાડવા પડશે! અત્યાર લગી કોણ જાણે કેટલી ભલીભોળી સ્ત્રીઓને ફસાવી હશે! કેટલી બાઈઓ-બહેનોની ઈજ્જત લૂંટી હશે તમારા જેવા નેતાવેશે ફરતા રાક્ષસોએ...' એણે 'ઓ માડી રે...' કહી ઠૂઠવો મૂક્યો હતો. એને સમજાવી પટાવી ઘેર મોકલતાં ચંદ્રકાંત પટેલને નવ નેજાં થયાં હતાં.. પછી તો એને ટિકિટ પણ આપવી પડી હતી અને ડેપ્યુટી મેયર પણ બનાવવી પડી હતી. એ સિવાય બીજો વિકલ્પ જ ક્યાં હતો? ભણેલી-ગણેલી દલિત યુવતી બંગલેથી રડતી કકળતી બારોબાર પોલીસ સ્ટેશને પહોંચી હોત તો શી વલે થઈ હોત?

ચંદ્રકાંત પટેલ એની કલ્પનાથી પણ ધ્રૂજી ઊઠે છે, નખશિખ. એ વાતને પૂરાં પાંચ વર્ષ વીતી ગયા પછી પણ! સાંજે આયોજન મુજબ નગરગૃહ ખાતે મરનાર દેશ દેકરીને શ્રદ્ધાં સુમન અર્પણ કરવા પ્રાર્થનાસભા યોજાઈ. 'વૈષ્ણવજન' ગવાયું. શોક ઠરાવ મૂકવા માટે ડેપ્યુટી મેયર સુજાતા પ્રિયદર્શી ઊભાં થયાં. સંબોધન કર્યા વગર સીધો જ સવાલ કર્યોઃ 'આપણા ભકત કવિ નરસિંહ મહેતાએ તો પરસ્ત્રીને માત તુલ્ય માનવાનું કહ્યું છે ને? ગાંધીબાપુ તો એથીય આગળ વધી ખુદ પોતાનાં પત્નીને બા કહેવા લાગેલા. આજે આઝાદીનાં આટલાં વર્ષો પછી આપણે કયાંથી કયાં પહોંચી ગયા છીએ, તે વિચારવા જેવું નથી કે? એણે તીરછી નજરે મેયર સામે જોયું અને પછી ટાઈપ કરેલો શોક ઠરાવ વાંચવા લાગી. શોક ઠરાવનું વાંચન પૂરું કર્યા પછી એણે કહ્યું બધી બહેનોમાં મરનાર અનામી છોકરી જેવું મનોબળ પ્રગટે, તો જ એના આત્માને સાચી શાંતિ મળશે. હું એનો સ્વર્ગમાં વાસ થાય એવી પ્રાર્થના નહીં કરું કારણ કે, સ્વર્ગનો રાજા ઈન્દ્ર પણ વાસના ભૂખ્યો વરૂ જ છે. એ અપ્સરાઓનું શોષણ કરીને ધરાતો નથી. એણે ગૌતમ ઋષિની પતિવ્રતા પત્ની સાથે વેશ પલટો કરીને વ્યભિચાર કર્યો હતો. બિચારી અહલ્યાને વર્ષો સુધી શિલા થઈને નિર્જીવ બની પડી રહેવું પડ્યું હતું... આજે દ્રોપદીનું વસ્ત્રાહરણ જોઈ નીચી મૂંડી કરી બેસી રહેનારા ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્યોનો તોટો નથી. અછત છે એવા કૃષ્ણની જે નેપથ્યે રહીને પણ દ્રોપદીને નિર્વસ્ત્ર થતી બચાવતો રહે! આશા રાખું કે... એણે ફરી એકવાર મેયર સામે નજર કરીને અને ભર શિયાળે મેયર ચંદ્રકાન્ત પટેલનું શરીર પરસેવે રેબઝેબ થઈ ઊઠ્યું!!